અવિનાશી આત્મા જગતમાં તપ-ત્યાગ અને જ્ઞાન-ધ્યાનની છાયા ફેલાવી અમર બની ગયો. પૂજ્યશ્રીની સ્મૃતિમાં ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન આદિ પ્રદેશોમાં તેઓશ્રીના વિદ્વાન શિષ્ય-સમુદાયની પ્રેરણાથી અનેક સમાધિમંદિરો, ગુરુમંદિરો, સરસ્વતીમંદિરો. ધર્મસ્થાનો, પાઠશાળાઓ આદિનું નિર્માણ થવાથી પૂજ્યશ્રીની યશોગાથા વિશ્વના ખૂણે ખૂણે ગુંજી રહી છે. પ્રકૃષ્ટ પુણ્યપ્રભાવક પરમારાધ્ય સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રીના નામસ્મરણનો અપૂર્વ પ્રભાવ છે કે તન-મનનાં સેંકડો કષ્ટ ક્ષણભરમાં વિલીન થાય છે વર્તમાનમાં પૂજ્યશ્રીના શિષ્યપરિવારમાં ગુરુભ્રાતા પ્રશાંતમૂર્તિ પૂ. આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી વિજયરામ-સૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્યશ્રી વિજયજયદેવસૂરિજી મહારાજ આદિ અનેક આચાર્યો, પદવીધરો, મુનિવરો આદિ ભગવાન શ્રી મહાવીરસ્વામીના શાસનની અનેક પ્રકારે પ્રભાવના કરી રહેલ છે. પૂજ્યશ્રીના પાવનકારી નામસ્મરણને કોટિ કોટિ વંદના!

### શાસનહિતચિંતક, મર્મજ્ઞ, સમયજ્ઞ અને પરમ શાસન પ્રભાવક ગચ્છાધિપતિ

## પૂ. આચાર્યપ્રવર શ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજ

ગરવી ગુજરાતના મહાનગર અમદાવાદ નજીક એક ઘણું રળિયામણું ગામ છે. નામ છે કુબડથલ. પ્રકૃતિને ખોળે રમતાં આ કુબડથલ ગામે એક સંસ્કારી અને શીલસંપન્ન શ્રાવકદંપતી રહે. શ્રાવકનું નામ ભલાભાઈ અને એમનાં પત્નીનું નામ ગંગાબાઈ. ભલાભાઈ યથાનામ ભલમનસાઈથી ભરેલા અને ગંગાબાઈ યથાનામ ધર્મમય પ્રવૃત્તિથી પવિત્ર જીવન વિતાવતાં સુખપૂર્વક દિવસો પસાર કરે. આ દંપતીને સંસારના ઉત્તમ ફળરૂપે બે પુત્રો પ્રાપ્ત થયા : ૧. વાડીભાઈ અને ૨. રમણભાઈ. બંને ભાઈઓએ દુર્ભાગ્યવશાત્ બાળપણથી જ પિતૃછાયા ગુમાવી. દાદાજી પૂંજાભાઈ અને માતા ગંગાબાની છાયામાં બંને ભાઈઓએ સંસ્કારના પાઠ શીખ્યા અને ધર્મ પ્રત્યે અભિરુચિ કેળવી. એવામાં પૂંજાભાઈને ધંધાર્થે અમદાવાદ આવી વસવું પડ્યું. માતા ગંગાબાઈ અને બંને ભાઈઓ પણ અમદાવાદ આવીને રહ્યા. પરંતુ ત્યાં પણ વિધિની ક્રૂરતાએ દાદાજી પૂંજાભાઈને આ દુનિયામાંથી ઉઠાવી લીધા. આ આઘાતોથી ધર્મમય વૃત્તિવાળા રમણભાઈમાં વૈરાગ્યભાવના અત્યંત તીવ્ર થઈ ઊઠી. તેમને સંસારની અસારતા સમજાઈ ગઈ, અને ચારિત્ર લેવાની ભાવના થઈ. એવામાં અમદાવાદ બિરાજમાન પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજની વૈરાગ્યસભર વાણી સાંભળી રમણભાઈ સંયમજીવન માટે તત્પર થયા. તેમણે માતા સમક્ષ દીક્ષાગ્રહણ કરવાની અનુમતિ માગી. પરીક્ષા લીધા બાદ માતા તેમની વાતમાં સંમત થયાં; પણ વાડીભાઈને આ વાતની ખબર પડી એટલે તે અકળાઈ ઊઠ્યા. તે પોતાના નાના અને લાડકવાયા ભાઈને સાધુ બનવા દે તેમ નહોતા. આ વિરોધમાં કેટલોક સમય વ્યતીત થયો. અંતે રમણભાઈના દૃઢ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્ણય સામે કુટુંબીજનોએ ઝૂકી જવું પડ્યું. માતાની ઇચ્છા પણ દીક્ષા લેવાની થતાં આ કાર્યમાં વધુ ઉત્સાહ આવ્યો. અંતે, સં. ૧૯૭૩ના મહા સુદ પાંચમે જન્મેલા આ ભાગ્યશાળી બાળક રમણે, ૧૩ વર્ષની નાની અને કુમળી વયે સં. ૧૯૮૬ના વૈશાખ વદ ૧૦ના શુભ દિવસે ગુરુદેવ આચાર્યશ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે દીક્ષાગ્રહણ કરી. પૂ. ગુરુદેવે તેમનું નામ 'રામવિજયજી' રાખ્યું. ગુરુદેવની આજ્ઞાને અનુવર્તીને મુનિ શ્રી રામવિજયજીએ આગમગ્રંથોનો ગહન અભ્યાસ કર્યો અને ન્યાય, વ્યાકરણ, સાહિત્ય આદિ વિષયોમાં પારંગત બન્યા. યોગોદ્વહન કરીને આગમનો અધિકાર મેળવી લીધો. અપ્રમત્તભાવે અને શુદ્ધ ભાવનાઓથી ચુસ્ત સંયમજીવન જીવતા મુનિશ્રીમાં પૂ. ગુરુદેવે સંપૂર્ણ યોગ્યતા જોઈ સં. ૧૯૯૯ના આસો વદ ૩ના શુભ દિને ગણિપદથી વિભૂષિત કર્યા.

ગણિવર શ્રી રામવિજયજી મહારાજ તો પ્રથમથી જ જૈન શાસનની પ્રભાવનામાં રત હતા. તેઓશ્રીની વ્યાખ્યાનશૈલી અત્યંત મોહક હતી, તેથી તેમનો ભાવિક સમુદાય પણ ઉત્તરોત્તર વિશાળ બનતો રહ્યો. એવામાં સં. ૨૦૦૬ના કારતક સુદ પાંચમના ગોઝારા દિવસે પૂ. ગુરુદેવનું સ્વર્ગગમન થયું. પૂ. શ્રી રામવિજયજી મહારાજ માટે આ આઘાત સહન કરવો દુષ્કર હતો. પરંતુ તેઓશ્રી જ્ઞાનદૃષ્ટિના પ્રબળ પ્રભાવે સમાધાન સાધીને અખંડપણે શાસનનાં કાર્યો કરતા રહ્યા. તેઓશ્રીની આ વિશિષ્ટ અને નિરંતર ચાલતી ધર્મપ્રવૃત્તિઓથી પ્રેરાઈને અનેક શ્રીસંઘોએ તેમને આચાર્યપદ ગ્રહણ કરવા માટે વિનંતિઓ કરી. છેવટે, અંતરથી તો આવી પદવીઓથી અલિપ્ત રહેવાવાળા આ મુનિરાજને, વડીલ ગુરુભ્રાતા પૂ. પંન્યાસજી શ્રી રામવિજયજી મહારાજે સં. ૨૦૦૭ ના વૈશાખ સુદ ૩ના શુભ દિવસે પાટણમાં ખેતરવસીના પાડામાં પંન્યાસપદ તથા વૈશાખ સુદ ૫ ના શુભ દિવસે આચાર્યપદ અર્પણ કર્યું. ગણિવર શ્રી રામવિજયજી સકલ સમુદાયના અધિપતિ આચાર્યદેવ શ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજ બની ગયા. પૂ. આચાર્યદેવ હાલમાં ઘણા પુણ્યશાળી આત્માઓને સન્માર્ગે વાળી રહ્યા છે. ગુજરાત, રાજસ્થાન આદિ તેઓશ્રીના મુખ્ય વિહારક્ષેત્રો છે. આ ઉપરાંત, બિહાર, બંગાળ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર આદિ પ્રદેશોમાં પણ તેમણે ચાતુર્માસ કર્યા છે. વિ. સં. ૨૦૪૪માં ભરાયેલા મુનિસંમેલનના તેઓશ્રી સફળ સૂત્રધાર હતા. સમગ્ર શ્રીસંઘોની એકતાનું સંવર્ધન-પોષણ કરવામાં તેઓશ્રીનો અનન્ય ફાળો છે. એવા એ પૂજ્ય આચાર્યદેવ વર્તમાનમાં પણ ચારિત્રના કડક પાલનના આગ્રહી છે. આટલી ઉંમરે પણ જરા પણ શિથિલતાને સ્થાન નથી. મક્કમ મનોબળ ધરાવતા પૂજ્યશ્રીજીનું જીવનકવન અનોખું છે. એવા એ મહાન સૂરિવરને કોટિ કોટિ વંદના!

(સંકલન: ગુરુપાદરેણુ મુનિરાજ શ્રી રત્નચંદ્રવિજયજી મહારાજ તથા મુનિશ્રી જગતચંદ્રવિજયજી મહારાજ).

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**પૂ૦ આચાર્ય ભગવંત શ્રી વિજયરામસૂરિજી મહારાજ ( ડહેલાવાળા )ના શિષ્ય-પ્રશિષ્યો**

* પૂ. આ. શ્રી ભુવનચંદ્રસૂરિજી   પૂ. આ. ભદ્રસેનસૂરિજી   પૂ. આ. અભયદેવસૂરિજી

આ. મહાનંદસૂરિજી   મુ. જયશેખરવિજયજી   * મુ સુદર્શનવિજયજી   મુ મોક્ષરત્નવિજયજી

મુ. રત્નચંદ્રવિજયજી

મુ નરચંદ્રવિજયજી   મુ. કરુણાનંદવિજયજી

મુ. હેમવિજયજી   * મુ. જયકીર્તિવિજયજી

* મુ. રોહિતવિજયજી   * મુ. વિનોદવિજયજી   * મુ. અમૃતવિજયજી

મુ. હરિભદ્રવિજયજી

* મુ. કુસુમચંદ્રવિજયજી

મુ. વિનયચંદ્રવિજયજી   મુ. રાજચંદ્રવિજયજી   મુ. જગતચંદ્રવિજયજી   મુ. શુભંકરવિજયજી

* આ નિશાની સ્વ૦ ની છે.

## વિવિધ ધર્મકાર્યો પ્રવર્તાવનાર પ્રશાંતમૂર્તિ

# પૂ. આચાર્ય શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની સાહિત્યસાધનાની પુણ્યભૂમિ અને પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજાની અહિંસાની અમરવેલની ફળદ્રુપ ભૂમિ અણહિલપુર પાટણ પાસે દેવગુરુધર્મના સંસ્કારી વાતાવરણથી ગુંજતા સોહામણા ગામ સરીયદમાં શેઠ શ્રી વીરચંદભાઈ મગનભાઈ નામે પ્રસિદ્ધ આગેવાન શ્રાવક હતા. તેમનાં ધર્મપત્ની શ્રીમતી ઝબલબેન શ્રદ્ધા અને સુસંસ્કારોની જીવંત પ્રતિમા રૂપે અહર્નિશ ધર્મધ્યાનપૂર્વક પવિત્ર જીવન વિતાવતાં હતાં. વિ. સં. ૧૯૯૯ના ભાદરવા સુદ ૧ના પાવન દિવસે ગામના પ્રત્યેક મહાનુભાવના અંતરમાં આનંદની ઊર્મિઓ ઉછળતી હતી. કારણ કે આ પર્યુષણા મહાપર્વ અંતર્ગત ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મવાચનાનો પવિત્ર દિવસ હતો. આ પુનિત દિવસે શ્રીમતી ઝબલબેને સુંદર લક્ષણોથી સુશોભિત એક બાળકને જન્મ આપ્યો. પર્યુષણા મહાપર્વની ઉજવણીમાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org